### ચરોતરમાં ખેડૂતો અને પશુપાલકો માટે કૃષિ યુનિવર્સિટીની ‘હોટ’ એડવાઈઝરી

# આણંદમાં આજે ગરમી 43 ડિગ્રીએ પહોંચશે

**સૂકું અને ગરમ** હવામાન રહેવાની આગાહી, હિટવેવમાં સાવચેતી રાખવા સલાહ

(પ્રતિનિધિ) આણંદ તા.25

આણંદ જિલ્લામાં ઉનાળાનો મિજાજ હવે વધુ આકરો બની રહ્યો છે. ભારત મૌસમ વિભાગ અને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા જાહેર કરવામાં આવેલા બુલેટિન મુજબ, રવિવારે મહત્તમ તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાની શક્યતા છે. પાછલા અઠવાડિયામાં મહત્તમ તાપમાન 40.9 ડિગ્રી નોંધાયા બાદ હવે ગરમીમાં ઉત્તરોત્તર વધારો થવાના એંધાણ છે, જેની સીધી અસર ખેતી અને પશુપાલન પર પડી શકે તેમ છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, આણંદ, ખેડા જિલ્લામાં 26મી એપ્રિલ દરમિયાન આકાશ મુખ્યત્વે ચોખ્ખું અથવા અંશતઃ વાદળછાયું રહેશે. તાપમાનમાં વધારો થતા 26મી એપ્રિલના રોજ મહત્તમ તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. આ દરમિયાન પવનની ગતિ 9થી 14 કિલોમીટર પ્રતિ કલાક રહેવાની અને દિશા મુખ્યત્વે ઉત્તર-પશ્ચિમ તરફ રહેવાની શક્યતા છે. હવામાં ભેજનું પ્રમાણ ઘટતા વાતાવરણ વધુ સૂકું અને ગરમ બનશે.

આણંદ કૃષિ યુનિવર્સિટીના હવામાન વિભાગના જણાવ્યાનુસાર, આણંદમાં શનિવારના રોજ પુરા થતાં 24 કલાક દરમિયાન મહત્તમ તાપમાન 41.2 ડિગ્રી, લઘુત્તમ તાપમાન 23.2 ડિગ્રી રહ્યું હતું. આ ઉપરાંત ઉત્તર - પશ્ચિમ દિશામાંથી 4 કિલોમીટરની ઝડપે પવન ફુંકાયો હતો.

#### પશુધન માટે ખાસ સાવચેતી

આકરા ઉનાળામાં દૂધાળા પશુઓ, ખાસ કરીને ભેંસો અને શંકર ગાયોને ગરમીથી બચાવવા દિવસમાં બે થી ત્રણ વખત નવડાવવાની ભલામણ કરવામાં આવી છે. પશુઓના રહેઠાણના છાપરા જો પતરાના હોય, તો તેને સફેદ રંગ કરવા અથવા તેના પર અડધો ફૂટ જેટલો સૂકો ઘાસનો થર કરવાથી ગરમીનું પ્રમાણ ઘટાડી શકાય છે. પશુઓને દિવસ દરમિયાન પૂરતો લીલો ચારો અને રાત્રે સૂકો ચારો આપવો.

#### આણંદ જનરલ હોસ્પિટલ હીટવેવ સામે સજ્જ: 5 બેડનો ઇમરજન્સી વોર્ડ શરૂ

હવામાન વિભાગની આગાહીને ધ્યાને રાખી આણંદ જનરલ હોસ્પિટલ




ખાતે હીટવેવના દર્દીઓ માટે 5 બેડ ધરાવતો ખાસ ઇમરજન્સી વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. કલેક્ટરના માર્ગદર્શન હેઠળ હોસ્પિટલ ખાતે 24 X 7 મેડીકલ ઓફિસર સહિતની ટીમ તૈનાત કરી ગરમીથી અસરગ્રસ્તોને તાત્કાલિક સારવાર સુનિશ્ચિત કરાઈ છે. મુખ્ય તબીબી અધિકારી ડો. અમર પંડ્યાના જણાવ્યા મુજબ, હીટવેવની અસર ધરાવતા દર્દીઓને દાખલ કરી તેમની તાત્કાલિક સારવાર કરવામાં આવી રહી છે. નાગરિકોને બપોરના સમયે બહાર ન નીકળવા અને વધુમાં વધુ પાણી પીવા અપીલ કરવામાં આવી છે જેથી ડી-હાઇડ્રેશન જેવી સમસ્યાથી બચી શકાય.

#### વાત્રક કાંઠે શુકનવંતા હળોતરા: બળદ પૂજન અને સાત ધાનના વાવેતર સાથે કૃષિ પર્વની ઉજવણી



વાત્રક કાંઠા વિસ્તારમાં ખેડૂતોએ પરંપરાગત રીતે હળોતરા કરી નવા વર્ષના શ્રીગણેશ કર્યા હતા. આ અવસરે ખેડૂતોએ પોતાના બળદોને નવડાવી, તેમના શીંગડા પર તેલ-રંગ લગાવી, ફૂલહાર અને કંકુ-ચોખાથી પૂજન કરી ગોળ ખવડાવ્યો હતો. કૃષ્ણનગરના ખેડૂત રામાજી ભુલાજી રાઠોડ સહિત અન્ય ખેડૂતોએ ખેતીના ઓજારોનું પૂજન કર્યા બાદ ખેતરમાં મગ, મઠ, જુવાર, બાજરી, કઠોળ, તલ અને ડાંગર એમ સાત જાતના ધાનનું વાવેતર કર્યું હતું. ધરતી માતાને અબીલ-ગુલાલ અને ગોળધાણા ચઢાવી આગામી વર્ષે મબલખ પાક થાય તેવી પ્રાર્થના સાથે વાત્રક પંથકમાં કૃષિ સંસ્કૃતિના આ ઉત્સવની હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. તસવીર : હરિશ જોષી

#### વડતાલધામમાં હરિજયંતિ પર્વે 500 કિલો ચીકુનો ભવ્ય અન્નકૂટ ધરાવાયો



સ્વામિનારાયણ સંપ્રદાયની રાજધાની વડતાલ ધામમાં હરિ જયંતિ નિમિત્તે સુરતના હરિભક્ત રસીકભાઈ સોજીત્રા પરિવાર દ્વારા 500 કિલો ચીકુનો અન્નકૂટ અર્પણ કરાયો હતો. વડતાલ મંદિરના ચેરમેન ડો. સંતવલ્લભદાસજી સ્વામીની પ્રેરણાથી લક્ષ્મીનારાયણ દેવ સહિતના આદિ દેવો સમક્ષ રાજભોગ આરતી બાદ આ મનોરથ યોજાયો હતો. ઋતુ પ્રમાણેના ફળોના આ નયનરમ્ય અન્નકૂટના દર્શન કરી હજારો હરિભક્તોએ હરિ જયંતિના પવિત્ર દિવસે ધન્યતા અનુભવી હતી. તસવીર : જશવંતસિંહ રાઠોડ

## કપડવંજમાં શિક્ષણની ગુણવત્તા અને સો ટકા નામાંકન માટે સમીક્ષા બેઠક યોજાઇ

**‘કોઈ પણ** બાળક શિક્ષણથી વંચિત ન રહે’ તે બાબતે આચાર્યોને કર્યું માર્ગદર્શન



(પ્રતિનિધિ) કપડવંજ તા.25

કપડવંજ તાલુકાના બ્લોક રિસોર્સ સેન્ટર દ્વારા શેઠ એમ.પી. હાઈસ્કૂલ ખાતે એક મહત્વપૂર્ણ શૈક્ષણિક સમીક્ષા અને સંકલન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય ધોરણ 8માંથી ધોરણ 9માં વિદ્યાર્થીઓના સો ટકા નામાંકન સુનિશ્ચિત કરવાનો અને શિક્ષણ વિભાગની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના વિદ્યાર્થી સુધી પહોંચાડવાનો હતો.

ખેડા જિલ્લા શિક્ષણાધિકારી કલ્પેશભાઈ રાવલે વિશેષ ઉપસ્થિત રહીને આચાર્યો અને સી.આર.સી. કો-ઓર્ડિનેટર્સને સંબોધ્યા હતાં. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, કોઈ પણ બાળક શિક્ષણના અધિકારથી વંચિત ન રહે તે જોવાની જવાબદારી શિક્ષણ જગતની છે. તેમણે શૈક્ષણિક ગુણવત્તા સુધારવા અને ડ્રોપ-આઉટ રેશિયો ઘટાડવા માટે પ્રેરક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ અંગે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી દિલેશભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, શિક્ષણના લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા માટે પ્રાથમિક અને માધ્યમિક વિભાગે ‘સંયુક્ત જવાબદારી’ સાથે સંકલન સાધીને કામ કરવું પડશે. તેમણે ડેટા મેનેજમેન્ટ અને વિગતોની સચોટતા પર પણ ભાર મૂક્યો હતો.

આ બેઠકમાં શિક્ષણ વિભાગની મહત્વની યોજનાઓ જેવી કે નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી યોજના, સરસ્વતી સાધના યોજના (માધ્યમિક કક્ષા) તેમજ જ્ઞાન સેતુ, જ્ઞાન સાધના, NMMS અને PSE જેવી શિષ્યવૃત્તિ પરીક્ષાઓ (પ્રાથમિક કક્ષા) અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત બીઆરસી. કો-ઓર્ડિનેટર ડો. કંદર્પકુમાર એમ. જોષી સહિત તાલુકાની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને આશ્રમ શાળાઓના આચાર્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.

## લુણાવાડા પંથકમાં દિવ્યાંગ યુવતી પર વૃદ્ધનું દુષ્કર્મ

**નરાધમ વૃદ્ધે** યુવતીને લલચાવી-ફોસલાવી ઘરમાં બોલાવી પાપ આચર્યું

(પ્રતિનિધિ) લુણાવાડા તા.25

મહીસાગર જિલ્લાના લુણાવાડા ગ્રામ્ય વિસ્તારના 69 વર્ષીય વૃદ્ધે 26 વર્ષીય માનસિક દિવ્યાંગ યુવતીને પોતાની હવસનો શિકાર બનાવી હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાતા સમગ્ર પંથકમાં રોષની લાગણી ફેલાઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, લુણાવાડા પંથકની માનસિક દિવ્યાંગ 26 વર્ષિય યુવતી સાંજે ચાલવા નીકળી હતી, ત્યારે ભરત જેઠાભાઈ પટેલ (ઉ.વ.69) નામના વૃદ્ધે તેને લલચાવી-ફોસલાવીને પોતાના ઘરમાં બોલાવી હતી. બાદમાં ઘરનો દરવાજો અંદરથી બંધ કરી યુવતી પર દુષ્કર્મ આચર્યું હતું અને આ બાબતે કોઈને કંઈ પણ ન કહેવા માટે યુવતીને ધમકી આપી હતી.

જોકે, યુવતી જ્યારે ઘરે પરત ફરી ત્યારે તેણે પોતાની માતાને આપવીતી જણાવી હતી. આથી, યુવતીની માતાએ પોતાની પુત્રી સાથે થયેલા આ અન્યાય સામે અવાજ ઉઠાવી તુરંત જ લુણાવાડા પોલીસ મથકનો સંપર્ક કર્યો હતો. માતાની હિંમત અને તત્પરતાને કારણે પોલીસે નરાધમ વૃદ્ધ વિરુદ્ધ કાર્યવાહી કરી હતી. લુણાવાડા પોલીસે આ મામલે ગંભીરતા દાખવી ભરત પટેલ વિરુદ્ધ દુષ્કર્મ અને ધાકધમકીની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી હતી. આ ઘટનાથી સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### રાજભાષા હિન્દીના પ્રભાવશાળી અમલીકરણ માટે બેન્ક ઓફ ઇન્ડિયાને ‘શ્રેષ્ઠતા પ્રમાણપત્ર’ એનાયત



**આણંદ** | ભારત સરકારની સંસદીય રાજભાષા સમિતિ દ્વારા બેંક ઓફ ઈન્ડિયા (BOI) વડોદરા ઝોનલ ઓફિસમાં રાજભાષા નીતિના અમલીકરણની સમીક્ષા અને નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમિતિએ બેંકની પ્રદર્શનની મુલાકાત લીધી અને રાજભાષાના પ્રચાર-પ્રસાર માટે થઈ રહેલા નોંધપાત્ર પ્રયત્નો અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. સમિતિના કન્વીનર અને સાંસદ શ્રીરંગ આપ્પા બારણેના હસ્તે ઝોનલ મેનેજર હનવંત કુમાર ઠાકુરને પ્રતિષ્ઠિત ‘શ્રેષ્ઠતા પ્રમાણપત્ર’ આપી સન્માનિત કરાયાં હતાં. નિરીક્ષણ દરમિયાન બેંકની નવીનતમ ગૃહપત્રિકાનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

### કપડવંજની કિશોર મંદિર શાળાનો વિદ્યાર્થી એનએમએમએસ પરીક્ષામાં ઝળક્યો



**કપડવંજ** | રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલી એનએમએમએસ શિષ્યવૃત્તિ પરીક્ષામાં કપડવંજની મા.દે. કિશોર મંદિર શાળાના વિદ્યાર્થી પટેલ જ્વલ મુકેશભાઈએ સમગ્ર ખેડા જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. આ મેરીટ લિસ્ટમાં શાળાના કુલ 8 વિદ્યાર્થીઓએ સ્થાન પ્રાપ્ત કર્યું છે, જેમને નિયમોનુસાર ચાર વર્ષ સુધી માસિક એક હજાર રૂપિયા લેખે કુલ 3.84 લાખ રૂપિયાની શિષ્યવૃત્તિ સહાય મળશે. અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જાહેર થયેલ કેટ પરીક્ષાના પરિણામોમાં પણ આ શાળાના વિદ્યાર્થીઓ મેરીટમાં અગ્રેસર રહ્યા હતા. જિલ્લા કક્ષાએ ઝળહળતી સફળતા મેળવનાર તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને શાળા પરિવાર અને કપડવંજ કેળવણી મંડળ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

### ચારૂસેટના લિબરલ આર્ટ્સ વર્કશોપમાં વિદ્યાર્થીઓએ 30 હજાર મોડેલ્સ બનાવી ઇતિહાસ રચ્યો



**આણંદ** | ચાંગા સ્થિત ચારૂસેટ યુનિવર્સિટીમાં ફેકલ્ટી ઓફ હ્યુમેનિટીઝ દ્વારા સતત 12મા વર્ષે આયોજિત ચાર દિવસીય લિબરલ આર્ટ્સ વર્કશોપમાં વિદ્યાર્થીઓએ કલા અને કૌશલ્યનો અદ્ભૂત સંગમ રજૂ કર્યો હતો. વિવિધ પ્રોફેશનલ વિદ્યાશાખાઓના 2322 વિદ્યાર્થીઓએ પેઈન્ટિંગ, ફોટોગ્રાફી અને ડ્રામા જેવા 15 વિવિધ કોર્સીસમાં 30,000થી વધુ મોડેલ્સ બનાવી એક નવો ઇતિહાસ સર્જ્યો છે. પ્રોવોસ્ટ ડો. અતુલ પટેલે પ્રદર્શનને ખુલ્લું મુકતા જણાવ્યું કે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે આ એક અનુકરણીય પગલું છે, જેમાં 59 જેટલા રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાના તજજ્ઞોએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

### વિદ્યાનગરની સીવીએમ યુનિવર્સિટી દ્વારા 400થી વધુ મહિલા કર્મચારીઓનું ભવ્ય સન્માન કરાયું



**આણંદ** | સી.વી.એમ. યુનિવર્સિટી દ્વારા મહિલા દિવસના અવસરે 400થી વધુ મહિલા અધ્યાપકો અને કર્મચારીઓનું ખાસ સન્માન કરવામાં આવ્યું હતું. બ્રાન્ડિંગ હેડ એના વિનોચાના માર્ગદર્શન હેઠળ મહિલાઓને તેમના ટેબલ પર ફૂલ, ચોકલેટ, શુભેચ્છા પત્ર અને ભેટ આપીને સરપ્રાઈઝ આપવામાં આવી હતી. યુનિવર્સિટીમાં કાર્યરત મહિલા શક્તિની કાર્યક્ષમતાને બિરદાવવા અને તેમને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ્યથી આ પ્રવૃત્તિનું સુંદર આયોજન કરાયું હતું. આ ભેટથી તમામ મહિલા કર્મચારીઓ આનંદિત થયા હતા અને સંસ્થાની આ પ્રેરણાદાયી પહેલની શૈક્ષણિક જગતમાં પ્રશંસા થઈ રહી છે.

### કપડવંજમાં શ્રી મહાવીર સ્વામી દેરાસરની 48મી સાલગીરાની ભક્તિભાવપૂર્વક ઉજવણી



**કપડવંજ** | કપડવંજની આનંદસાગર સોસાયટીમાં મહાવીર સ્વામી દેરાસરની 48મી સાલગીરા નિમિત્તે વિવિધ ધાર્મિક પ્રસંગોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શુભ અવસરે પ્રભાતિયા, ભગવાનનો અભિષેક, સ્નાત્ર પૂજા તેમજ દેરાસરના શિખર પર ભક્તિમય માહોલમાં ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. આ મહોત્સવ દરમિયાન ભગવાનની પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી, જેમાં સમગ્ર જૈન સંઘના શ્રાવકો આસ્થા સાથે જોડાયા હતા. આ પ્રસંગે જૈન સંઘના ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દર્શન-પૂજન અને પ્રભુ ભક્તિનો લ્હાવો લીધો હતો.

### કપડવંજમાં દશા પોરવાડ જ્ઞાતિ દ્વારા અક્ષય તૃતીયાની ભવ્ય ઉજવણી કરવામાં આવી

**કપડવંજ** | યુએસએ સ્થિત દાતા પરિવારના સૌજન્યથી પંચની વાડી ખાતે અખાત્રીજના પવિત્ર પર્વ નિમિત્તે વિશેષ ઉત્સવ અને ભોજન




સમારંભ યોજાયો હતો. સ્વ. મણિલાલ જેઠાલાલ દેસાઈ પરિવારની સ્મૃતિમાં આયોજિત આ મનોરથમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સૌ કોઈએ અમેરિકા સ્થિત દીપકભાઈ દેસાઈ અને માલિનીબેન દેસાઈનો આભાર વ્યક્ત કર્યો હતો. જ્ઞાતિના મિત્ર મંડળ અને મહિલા મંડળના સભ્યોના સક્રિય સહયોગથી આ સમગ્ર આયોજન સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.

### આણંદની એનએસ પટેલ આર્ટસ કોલેજ ખાતે રાજ્યસ્તરીય વર્કશોપ યોજાયો



**આણંદ** | એનએસ પટેલ આર્ટ્સ કોલેજના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા ‘હાઉ ટુ રાઈટ અ રિસર્ચ પેપર અને પ્રસ્તાવ’ વિષય પર એક દિવસીય કાર્યશાળાનું સફળ આયોજન થયું. મુખ્ય વક્તા ડો. રોહિત શુક્લા અને અન્ય નિષ્ણાતોએ સંશોધન પદ્ધતિ અને એકેડેમિક લેખન અંગે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું. આ વર્કશોપમાં રાજ્યભરના 299 જેટલા અધ્યાપકો, સંશોધકો અને વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહીને જ્ઞાન મેળવ્યું હતું.. આ કાર્યક્રમના અંતે મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું અને પ્રો. મોઈનખાન પઠાણે આભારવિધિ કરી હતી.

### બાકરોલની સ્પેક- એમબીએ કોલેજમાં ‘બિઝ પ્લાન’ સ્પર્ધા યોજવામાં આવી



**આણંદ** | સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) ખાતે SSIP 2.0 હેઠળ વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિકતા અને સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા માટે રાષ્ટ્રીય સ્તરની ‘બિઝ પ્લાન’ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ ડો. સુનિલ ચાકીએ વિદ્યાર્થીઓના નવીન વિચારોનું મૂલ્યાંકન કરી માર્ગદર્શન આપ્યું હતું, જેમાં ઉદય તિવારી પ્રથમ અને હર્ષિત દવે દ્વિતીય ક્રમે વિજેતા જાહેર થયાં હતાં. કોલેજના ડિરેક્ટર ડો. વિશાલ પાટીદારના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ પોતાની સર્જનાત્મકતા અને વ્યૂહાત્મક આયોજન કુશળતાનું શાનદાર પ્રદર્શન કર્યું હતું.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજના પથોડામાં સવાસો પરગણા વણકર સમાજનો 19મો સમૂહલગ્નોત્સવ યોજાયો



**કપડવંજ** | કપડવંજ તાલુકાના પથોડા ગામે સવાસો પરગણા વણકર સમાજ (41 ગામ મંડળ) દ્વારા 19મો ભવ્ય સમૂહલગ્નોત્સવ ઉત્સાહભેર સંપન્ન થયો હતો. મંજુલાબેન પરમારના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ માંગલિક પ્રસંગે 26 નવયુગલોએ શાસ્ત્રોક્ત વિધિ સાથે લગ્નગ્રંથિથી જોડાઈ નવા જીવનની શરૂઆત કરી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન રત્નાભાઈ પરમાર તથા તમામ દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું અને સમગ્ર સમાજે હર્ષોલ્લાસ સાથે આ ઉત્સવ માણ્યો હતો. મંડળના પ્રમુખ દીપકકુમાર પરમાર અને અન્ય હોદ્દેદારોની ઉપસ્થિતિમાં યોજાયેલ આ કાર્યક્રમના અંતે મંત્રી રમેશભાઈએ આભારવિધિ કરી હતી.

### દેવાતજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે મહિલા દિવસ નિમિત્તે પ્રાકૃતિક ખેતીની તાલીમ યોજાઈ



**આણંદ** | આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ અંતર્ગત દેવાતજ કેવિકે દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં મહિલાઓને પ્રાકૃતિક ખેતી અને શારીરિક સ્વાસ્થ્ય જાળવણી અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કેન્દ્રના વડા ડો. ડી.એમ. રાઠોડે પ્રાકૃતિક કૃષિ વિશે ચર્ચા કરી હતી, જ્યારે અંજલી જાદવે બહેનોને કિચન ગાર્ડન અને ગૃહ ઉદ્યોગ થકી આર્થિક રીતે પગભર થવા પ્રેરણા આપી હતી. આ તાલીમ દરમિયાન ખેડૂત મહિલાઓને જીવામૃત બનાવવાની પદ્ધતિનું જીવંત નિદર્શન બતાવવામાં આવ્યું અને વિવિધ કૃષિ એકમોની મુલાકાત પણ કરાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બહેનોને વર્મીકમ્પોસ્ટ, નર્સરી અને પશુપાલન જેવા યુનિટો બતાવી આધુનિક ખેતી પદ્ધતિઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા.

### આણંદની એ. એન. પટેલ ઇન્સ્ટિટ્યૂટમાં રાજ્ય સ્તરીય સાયન્સ સેમિનાર યોજાયો



**આણંદ** | રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીના ભાગરૂપે ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત સંસ્થા દ્વારા એક દિવસીય સેમિનારનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે પ્રો. ઉજ્જવલ બી. ત્રિવેદી, ડો. નવનીત કુમાર સિંહ અને ડો. કલ્પિત સોનીએ મુખ્ય વક્તા તરીકે હાજર રહી પ્રાસંગિક વ્યાખ્યાનો આપ્યા હતા. આ કાર્યક્રમમાં સાયન્ટિફિક ક્વિઝ, પોસ્ટર મેકિંગ, સાયન્ટિફિક મીમ અને ઇનોવેટિવ આઈડિયાઝ જેવી વિવિધ હરીફાઈઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિજેતા વિદ્યાર્થીઓને સંસ્થા દ્વારા પુરસ્કારો આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.